ક્રમાંક: સ્ટેમ્પ–નક્ષણ– 3E –૨૦૦૪ / ૪૮૮૪

સુપ્રી. ઓફ.સ્ટેમ્પસની કચેરી
સ્ટેમ્પસ અને નોંધણી ભવન
સેકટર નં : ૧૩–સી'ખ' રોડ
ગાંધીનગર તા.[illegible]/૫/૨૦૦૪

પરિપત્ર :–

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ –૧૯૫૮ ની જોગવાઈ હેઠળ ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો –૧૯૮૭, ભારતીય સ્ટેમ્પ અધિનિયમ –૧૮૯૯ હેઠળની સ્ટેમ્પ ડયુટીની ચુકવણી માં વપરાતા સ્ટેમ્પનાં વેચાણ માટેના નિયમો બનાવવામાં આવેલ છે, અને તે આધારે ગુજરાત રાજયમાં સ્ટેમ્પ વેન્ડરને સ્ટેમ્પ વેચાણ માટે લાયસન્સ આપવામાં આવે છે. લાયસન્સદાર સ્ટેમ્પ વેન્ડરોએ લાયસન્સની શરતો પ્રમાણે સ્ટેમ્પનું વેચાણ કરવાનું હોય છે. અમદાવાદ શહેર માટે લાયસન્સીંગ ઓથોરીટી તરીકે સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ છે. જયારે રાજયમાં અન્ય જીલ્લાઓ માટે કલેકટરશ્રીને અધિકૃત કરેલ છે. દર માસે સ્ટેમ્પ વેન્ડરો સ્ટેમ્પનું વેચાણ કેટલા પ્રમાણમાં કરે છે, તથા જીલ્લા તિજોરી કચેરી ખાતેથી સ્ટેમ્પનો જથ્થો કેટલા પ્રમાણમાં કઢાવે છે, તથા બેંક ખાતે ચલણ ધ્વારા કેટલી રકમ ભરપાઈ કરવામાં આવે છે , તેની વિગતો સ્ટેમ્પની વડી કચેરીનાં ઉપલબ્ધ હોવી જરુરી છે, તેવું તાજેતરમાં થયેલ ઓડીટ દરમયાન ધ્યાન પર આવેલ છે. આથી અમદાવાદ શહેરનાં તમામ લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરોને જણાવવામાં આવે છે કે તેઓ જે જે પ્રકારનાં સ્ટેમ્પસ નું વેચાણ કરે છે તે વેચાણની વિગતો દર્શાવતું પત્રક જે નમુનામાં અત્રે મોકલેલ છે, તેની સાથે તે માસ દરમ્યાન તિજોરી કચેરીમાંથી કઢાવેલ સ્ટેમ્પસનાં જથ્થાની વિગત દર્શાવતાં ઈન્ડેન્ટની ( યાદી) નકલ તથા બેંકમાં ભરપાઈ કરેલ રકમનાં ચલણની નકલ દર માસની પાંચમી તારીખ સુધીમાં સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસની કચેરી ગાંધીનગર ખાતે રજુ કરવાનું રહેશે. જેઓ સ્ટેમ્પ વેચાણનાં રજીસ્ટરો નિભાવે છે. તે રજીસ્ટરમાં સ્ટેમ્પસનાં દર અને કિંમત પ્રમાણે સ્ટેમ્પસની વેચાણની નોંધ કરવાની રહેશે. તેમજ તિજોરી કચેરી ધ્વારા કઢાવેલ મોટી રકમનાં દરનાં સ્ટેમ્પ પેપરનાં નંબરની નોંધ વેચાણ રજીસ્ટરમાં ,ખરીદ તથા વેચાણ બંને વખત દર્શાવવાનાં રહેશે. સ્ટેમ્પસ ખરીદનારની વેચાણ રજીસ્ટરમાં તથા સ્ટેમ્પ પેપર પર સહી લેવાની રહેશે. આ ઉપરાંત રાજય સરકાર ધ્વારા જાહેર રજાના દિવસે વેચાણ કાર્ય બંધ રાખવાનું રહેશે અને ચાલુ દિવસે સ્ટેમ્પ વેચાણનો સમય સવારે ૧૦–૦૦ થી સાંજે ૫–૦૦ સુધીનો રાખવાનો રહેશે. ઉપરોકત શરતોનું દરેક સ્ટેમ્પ વેન્ડરોએ પાલન કરવાનું રહેશે. આ શરતોનો ભંગ બદલ સ્ટેમ્પ વે ડરો સામે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે, તેની પકા નોંધ લેવા વિનંતી છે.

કલેકટર
અને
અધિક સુપ્રી. ઓફ. સ્ટેમ્પસ
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,
તમામ લાયસન્સદાર સ્ટેમ્પ વેન્ડરો તરફ જાણ સારું.

નકલ રવાના :–

(૧) ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પસશ્રી, ગાંધીનગર પ્રત્યેક માસનાં પત્રકો એકત્ર કરી ફાઈલીંગ કરવા સારું તેમજ લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરો તરફથી પત્રકો, ચલણ, તથા ઈન્ડેન્ટની યાદી આવે તેના ઉપર આગળની કાર્યવાહી કરવા સારું

(૨) અધિક સુપ્રી. ઓફ. સ્ટેમ્પસ, ગુજરાત રાજય,ગાંધીનગર

૯

માહ : ............સન ૨૦૦૪ના નાન જ્યુડીશીયલ સ્ટેમ્પ પેપરના સ્ટેમ્પ વેચાણનું પત્રક

લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરનું નામ: ................................. ............ લા.નંબર: એસ.ઓ......................

સ્ટેમ્પ વેચાણનું સ્થળ :.............................................

| સ્ટેમ્પનો દર | રુા ૫ | રુા ૧૦ | રુા ૨૦ | રુા ૫૦ | રુા ૧૦૦ | રુા ૫૦૦ | રુા ૧૦૦૦ | રુા ૫૦૦૦ | રુા ૧૦૦૦૦ | રુા ૧૫૦૦૦ | રુા ૨૦૦૦૦ | રુા ૨૫૦૦૦ | કુલ રુપિયા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માહે ....... નો<br>ઉઘડતો સ્ટોક ( A ) | | | | | | | | | | | | | |
| માસ દરમ્યાન તિજોરી કચેરીમાં મેળવેલ સ્ટેમ્પ<br>તાઃ..............<br>તાઃ..............<br>તાઃ..............<br>તાઃ...............<br>તાઃ...............<br>તાઃ.................<br>( B )મેળવેલ કુલ સ્ટેમ્પ | | | | | | | | | | | | | |
| કુલ સિલક<br>(A+B ) | | | | | | | | | | | | | |
| માસ દરમ્યાન વેચાણ કરેલ સ્ટેમ્પ | | | | | | | | | | | | | |
| માસની છેલ્લી તારીખે હાથ ઉપરનો સ્ટોક | | | | | | | | | | | | | |

માસ દરમ્યાન વેચાણ કરેલ સ્ટેમ્પ પેપરના અનુક્રમ નંબર :.........થી...........સુધીનાં છે.

લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરની સહી:.......................

LANCE